# ગુજરાત વિધાનસભા સચિવાલય

## પંદરમી ગુજરાત વિધાનસભા

## છઠ્ઠું સત્ર

## તારાંકિત પ્રશ્નોત્તરી

## ગુરુવાર, ૨૦ માર્ચ, ૨૦૨૫

----

જવાબ આપનાર માનનીય મંત્રીશ્રીઓ [કૃષિ - પશુપાલન - ગૌ-સંવર્ધન - મત્સ્યોદ્યોગ - ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ - આદિજાતિ વિકાસ - પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ ].

કુલ પ્રશ્નો 81

----

### રાજય સરકારે ખેત-ઉપજ માટે સૂચવેલ ટેકાના ભાવ

15/6/2504 *1 ડૉ. કીરીટકુમાર ચીમનલાલ પટેલ (પાટણ):

કૃષિ :-

માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૦૧/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકારે ટેકાના ભાવે કઈ ખેત-ઉપજ માટે સુચવેલા વધારાની કેટલી રકમની તુલનાએ કેન્દ્ર સરકાર દ્વારા ટેકાના ભાવ કેટલા નક્કી કરવામાં આવ્યા,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત માંગણી મુજબ ટેકાના ભાવ ન મળતા રાજ્ય સરકારે કેન્દ્રમાં કયારે રજૂઆતો કરી, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેન્દ્ર સરકાર દ્વારા રાજય સરકારને ઉક્ત બાબતે ક્યારે શાં પ્રતિભાવો આપવામાં આવ્યા?

----

### પંચમહાલ જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત બાથરૂમ બાંધકામ સહાય

15/6/1624 *2 **શ્રી ફતેસીંહ વખતસીંહ ચૌહાણ (કાલોલ):**

**ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ :-**

માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૦૧/૨૦૨૫ની સ્થિતિએ પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ૧૦૦% રાજય ફાળા હેઠળની બાથરૂમ બાંધકામ સહાય યોજના હેઠળ પ્રતિ લાભાર્થી કેટલી સહાય ચૂકવવામાં આવે છે,

(૨) ઉક્ત સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ‘‘બાથરૂમ બાંધકામ સહાય યોજના’’ હેઠળ કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવી?

----

## જામનગર અને દેવભૂમિ દ્વારકા જીલ્લામાં ખાનગી શાળાઓમાં વસુલવામાં આવતી ફી

15/6/2469 *3 **શ્રી હેમંતભાઇ હરદાસભાઇ આહિર (જામજોધપુર):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રોઢ શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૦૧/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જામનગર અને દેવભૂમિ દ્વારકા જીલ્લામાં ખાનગી શાળાઓ દ્વારા ફી રેગ્યુલેટરી કમિટી દ્વારા કરવામાં આવેલ હુકમોનું ઉલ્લંઘન કરીને વધુ ફી ઉઘરાવવામાં આવતી હોવાની કેટલી ફરિયાદો સરકારને મળી,

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ ઉક્ત હુકમોનું ઉલ્લંઘન કરનાર કેટલી શાળાના સંચાલકો સામે શી કાર્યવાહી કરવામાં આવી?

----

## રાજકોટ જિલ્લામાં ખાણદાણ સહાય યોજના

15/6/1652 *4 **શ્રીમતી ગીતાબા જયરાજસિંહ જાડેજા (ગોંડલ):**

**પશુપાલન :-**

માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં ગાય-ભેંસ માટેની વિયાણ બાદ પશુ ખાણદાણ સહાય યોજના હેઠળ કુલ કેટલા પશુપાલકોને લાભ આપવામાં આવ્યો, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

----

## સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લામાં આવેલ માધ્યમિક શાળાઓ

15/6/2488 *5 **શ્રી જિગ્નેશ મેવાણી (વડગામ):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૦૧/૨૦૨૫ની સ્થિતિએ સુરેન્દ્રનગર અને રાજકોટ શહેર/ જિલ્લાવાર કેટલી સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી માધ્યમિક શાળાઓ આવેલી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત શહેર/જિલ્લાવાર કેટલી સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી નવી માધ્યમિક શાળાઓને મંજૂરી આપવામાં આવી?

----

## છોટાઉદેપુર જીલ્લામાં વેટરનરી પોલી-ક્લિનિક બનાવવા બાબત

15/6/2463 *6 **શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર):**

**પશુપાલન :-**

માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૪ ની સ્થિતિએ છોટાઉદેપુર જીલ્લામાં વેટરનરી પોલી-ક્લિનિક બનાવવા માટે સરકારે ક્યારે મંજૂરી આપેલી છે ,

(૨) ઉક્ત સ્થિતિએ તેના માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ આ કામગીરી કયા તબક્કામાં છે ?

----

## કચ્છ જીલ્લામાં જ્ઞાન સહાયકની ભરતી

15/6/1794 *7 **શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા (અબડાસા):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જીલ્લામાં કેટલા જ્ઞાન સહાયકોની ભરતી કરવામાં આવી, અને

(૨)તે પૈકી ઉક્ત સ્થિતિએ કચ્છ જીલ્લામાં તાલુકાવાર કેટલા જ્ઞાન સહાયકોએ નિમણૂંક મેળવી?

----

## સાબરકાંઠા જિલ્લામાં ખેડૂતોને સ્માર્ટ ફોન સહાય યોજના અંતર્ગત સહાય

15/6/1642 *8 **શ્રી વિનેન્દ્રસિંહ દિલીપસિંહ ઝાલા (હિંમતનગર):**

**કૃષિ :-**

માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં સ્માર્ટ ફોન સહાય યોજના અંતર્ગત સહાય મેળવવા કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) તે પેટે કેટલી સહાય ચૂકવવામાં આવી?

----

## નવસારી જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજનાના લાભાર્થી

15/6/1620 *9 **શ્રી રાકેશ ગુણવંતભાઇ દેસાઇ (નવસારી ):**

**આદિજાતિ વિકાસ :-**

માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૪ની સ્થિતિએ નવસારી જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજના અમલમાં છે કે કેમ,

(૨) જો હા, તો આ યોજના હેઠળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત યોજના હેઠળ આદિજાતિ ખેડૂત લાભાર્થીઓને કયા કયા બિયારણ અને ખાતર આપવામાં આવે છે?

----

## રાજકોટ જિલ્લામાં સેગ્રીગેશન શેડના બાંધકામ

15/6/1626 *10 **ડૉ. મહેન્દ્રભાઇ પાડલિયા (ધોરાજી):**

**ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ :-**

માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ જિલ્લામાં સેગ્રીગેશન શેડના લક્ષ્યાંક મુજબ કેટલા શેડ બાંધકામ પૂર્ણ કરવામાં આવેલ છે, અને

(૨) તે માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

----

## મહિસાગર જિલ્લામાં ડેરી ફાર્મ સ્થાપનાની સહાય યોજના

15/6/1655 *11 **શ્રી માનસિંહ કોહ્યાભાઈ ચૌહાણ (બાલાસિનોર):**

**પશુપાલન :-**

માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહિસાગર જિલ્લામાં સ્વરોજગારીના હેતુસર પશુપાલન વ્યવસાય માટે ૧૨ દૂધાળા પશુના ડેરી ફાર્મ સ્થાપનાની સહાયની યોજના અંતર્ગત કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કુલ કેટલી રકમ સહાય પેટે ચૂકવવામાં આવી?

----

## બનાસકાંઠા જિલ્લામાં પપૈયા પાકના વાવેતર માટે પ્રોત્સાહન બાબત

15/6/1649 *12 **શ્રી સ્વરૂપજી સરદારજી ઠાકોર (વાવ):**

**કૃષિ :-**

માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૪ની સ્થિતિએ રાજયમાં ખેડૂતોને પપૈયા ફળપાકના વાવેતર માટે સરકાર દ્વારા પ્રોત્સાહન આપવામાં આવે છે, કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પપૈયા ફળ પાકના વાવેતર માટે બનાસકાંઠા જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી?

----

## અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે ફ્રી શીપકાર્ડ

15/6/2472 *13 **શ્રી કાન્તીભાઇ કાળાભાઇ ખરાડી (દાંતા):**

**આદિજાતિ વિકાસ :-**

માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૦૧/૨૦૨૫ની સ્થિતિએ ખાનગી કોલેજોમાં અભ્યાસ કરતાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને ફ્રી શીપ કાર્ડ આપવામાં આવે છે, તેમાં વિદ્યાર્થીઓના વાલીની કેટલી આવક મર્યાદા કયારથી નક્કી કરવામાં આવેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત આવક મર્યાદા વધારવા માટે છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી કરવામાં આવેલ છે?

----

## અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં સંકલિત ડેરી વિકાસ યોજના બાબત

15/6/1656 *14 **શ્રી ધવલસિંહ નરેન્દ્રસિંહ ઝાલા (બાયડ):**

**આદિજાતિ વિકાસ :-**

માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૪ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં સંકલિત ડેરી વિકાસ યોજના અમલમાં છે કે કેમ અને,

(૨) જો હા, તો આ યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં ઉક્ત સ્થિતિએ કુલ કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે?

----

## બનાસકાંઠા જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા સહાય

15/6/1641 *15 **શ્રી પ્રવિણકુમાર ગોરધનજી માળી (ડીસા):**

**કૃષિ :-**

માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમાની સહાય મેળવવા કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) તે માટે કેટલી સહાય ચૂકવવામાં આવી?

----

## મહિસાગર અને ભરૂચ જિલ્લામાં નોંધાયેલ ખેડૂત ખાતેદાર

15/6/2496 *16 **શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા):**

**કૃષિ :-**

માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૦૧/૨૦૨૫ની સ્થિતિએ મહિસાગર અને ભરૂચ જિલ્લામાં કેટલા

ખેડૂત ખાતેદારો નોધાયેલ છે?

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લી એગ્રો સેન્સસ મુજબ કયા પ્રકારના કેટલા ખેડૂત ખાતેદારની વધ-ઘટ થઇ, અને

(૩) ઉક્ત છેલ્લી એગ્રી સેન્સસની સરખામણીએ ઉક્ત જિલ્લાવાર ખેડૂત ખાતેદારની ઘટ થઇ હોય તો તેના મુખ્ય કારણો શાં છે?

----

## અમરેલી જિલ્લામાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના હેઠળ જળસંગ્રહ

15/6/1631 *17 **શ્રી મહેશ કસવાલા (સાવરકુંડલા):**

**ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ :-**
માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના (ડબલ્યુડીસી ૨.૦) અંતર્ગત જળસંગ્રહ માટે કેવા પ્રકારના કામો હાથ ધરવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ જળસંગ્રહના કુલ કેટલા કામો કરવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ તેની પાછળ કેટલો ખર્ચ થયેલ છે?

----

## પોરબંદરની રામબા ટીચર્સ કોલેજના જુના રાજમહેલ બિલ્ડીંગને હેરીટેજ રીસ્ટોરેશનની કામગીરી

15/6/1692 *18 **શ્રી અર્જુનભાઇ દેવાભાઇ મોઢવાડીયા (પોરબંદર):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**
માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રોઢ શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૪ની સ્થિતિએ પોરબંદરની રામબા ટીચર્સ કોલેજના જુના રાજમહેલ બિલ્ડીંગને હેરીટેજ રીસ્ટોરેશનની કામગીરી કયા તબક્કે છે, અને

(૨) ઉકત કામગીરી કયાં સુધીમાં કેટલા ખર્ચે પુર્ણ કરવામાં આવનાર છે ?

----

## સુરત જિલ્લામાં સેગ્રીગેશન શેડના બાંધકામ

15/6/1630 *19 **શ્રી મોહનભાઇ ધનજીભાઇ ઢોડિયા (મહુવા (એસ.ટી.)):**

**ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ :-**

માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૪ની સ્થિતિએ સુરત જિલ્લામાં સેગ્રીગેશન શેડના લક્ષ્યાંક મુજબ કેટલા શેડ બાંધકામ પૂર્ણ કરવામાં આવેલ છે, અને

(૨) તે માટે છેલ્લા એક વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

----

## ગીર સોમનાથ જિલ્લામાં આવેલ નવાબંદર વિકસાવવા બાબત

15/6/1639 *20 **શ્રી કાળુભાઇ ચનાભાઇ રાઠોડ (ઉના ):**

**મત્સ્યોદ્યોગ :-**

માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૪ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લાનું નવાબંદર મત્સ્યબંદર વિકસાવવાની કામગીરી કયા તબક્કામાં છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલો ખર્ચ થયેલ છે?

----

## દાહોદ જિલ્લામાં ખાણદાણ સહાય યોજના

15/6/1653 *21 **શ્રી મહેન્દ્રભાઇ રમેશભાઇ ભાભોર (ગરબાડા):**

**પશુપાલન :-**

માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં ગાય-ભેંસ માટેની વિયાણ બાદ પશુ ખાણદાણ સહાય યોજના હેઠળ કુલ કેટલા પશુપાલકોને લાભ આપવામાં આવ્યો, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

----

## રાજકોટ શહેરમાં નમો સરસ્વતી અને નમો લક્ષ્મી યોજના

15/6/1665 *22 **ડૉ. દર્શીતા શાહ (રાજકોટ પશ્ચિમ):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રોઢ શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા વિદ્યાર્થીઓએ રાજકોટ શહેરમાં નમો સરસ્વતી અને નમો લક્ષ્મી યોજનાનો લાભ લીધો, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત યોજના પાછળ રાજકોટ શહેરમાં સરકારે કેટલો ખર્ચ કર્યો?

----

## અમરેલી જિલ્લામાં બિયારણના નમુનાની ગુણવત્તા

15/6/1645 *23 **શ્રી જનકભાઇ તળાવિયા (લાઠી):**

**કૃષિ :-**

માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં બિયારણના કુલ કેટલા નમુનાઓ ગુણવત્તાઓની તપાસ માટે લેવામાં આવ્યા,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા નમુના પ્રમાણિત થયા, અને કેટલા બિન પ્રમાણિત થયા, અને

(૩) ઉક્ત બિન પ્રમાણિત નમુનાઓ પરત્વે ગુણવત્તા નિયંત્રણ અંતર્ગત શા પગલા લેવામાં આવ્યા?

----

## વલસાડ જિલ્લામાં પીએમ જનમન યોજના

15/6/1625 *24 **શ્રી ભરતભાઇ કીકુભાઇ પટેલ (વલસાડ):**

**ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ :-**

માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૦૧/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં પીએમ-જનમન હેઠળ કેટલા આવાસ મંજૂર કરવામાં આવેલ છે, અને

(૨) તેની સામે ઉકત સ્થિતિએ કેટલા લાભાર્થીઓને પ્રથમ હપ્તાની સહાય ચૂકવવામાં આવેલ છે?

----

## નર્મદા જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજનાના લાભાર્થી

15/6/1623 *25 **ડૉ.દર્શના ચંદુભાઇ દેશમુખ (નાંદોદ):**

**આદિજાતિ વિકાસ :-**

માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૪ની સ્થિતિએ નર્મદા જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજના અમલમાં છે કે કેમ,

(૨) જો હા, તો આ યોજના હેઠળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત યોજના હેઠળ આદિજાતિ ખેડૂત લાભાર્થીઓને કયા કયા બિયારણ અને ખાતર આપવામાં આવે છે?

----

## સમગ્ર શિક્ષા અભિયાન અંતર્ગત અમદાવાદ જિલ્લામાં કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય શરૂ કરવા બાબત

15/6/1635 *26 **શ્રી કનુભાઇ કરમશીભાઇ પટેલ (સાણંદ):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રોઢ શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સમગ્ર શિક્ષા અભિયાન અંતર્ગત અમદાવાદ જિલ્લાના કયા તાલુકાઓમાં તથા કુલ કેટલી કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય શરૂ કરવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ આ કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયમાં કુલ કેટલી કન્યાઓ અભ્યાસ કરે છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ આ વિદ્યાલયમાં કયા ધોરણની કન્યાઓને નિવાસી સુવિધાઓ આપવામાં આવે છે?

----

## પાટણ જિલ્લામાં ખાણદાણ સહાય યોજના

15/6/1651 *27 **શ્રી લવીંગજી મુળજીજી સોલંકી (રાધનપુર):**

**પશુપાલન :-**

માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં ગાય-ભેંસ માટેની ગાભણ પશુ ખાણદાણ સહાય યોજના હેઠળ કુલ કેટલા પશુપાલકોને લાભ આપવામાં આવ્યો, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

----

## ખેડબ્રહ્મા, પોશીના અને વિજયનગર તાલુકાની આશ્રમશાળાોમાં ખાલી જગ્યાઓ

15/6/2475 *28 **ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રહ્મા):**

**આદિજાતિ વિકાસ :-**

માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૦૧/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડબ્રહ્મા, વિજયનગર અને પોશીના તાલુકામાં આવેલ આશ્રમ શાળાઓમાં ક્લાર્ક, ગૃહપતિ, ગૃહમાતા, રસોઈયા સેવકની ભરતી કરાઈ નથી તે હકીકત સાચી છે?

(૨) જો હા, તો ઉક્ત જગ્યાઓ ખાલી હોવાના કારણો શા છે, અને

(૩) ઉક્ત જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે?

----

**તાપી જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજનાના લાભાર્થી**

15/6/1622 *29 **ડૉ.જયરામભાઇ ચેમાભાઇ ગામીત (નિઝર):**

**આદિજાતિ વિકાસ :-**

માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૪ની સ્થિતિએ તાપી જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજના અમલમાં છે કે કેમ,

(૨) જો હા, તો આ યોજના હેઠળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત યોજના હેઠળ આદિજાતિ ખેડૂત લાભાર્થીઓને કયા કયા બિયારણ અને ખાતર આપવામાં આવે છે?

----

**અરવલ્લી જિલ્લામાં સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) અંતર્ગત વ્યક્તિગત શૌચાલય**

15/6/2187 *30 **શ્રી પી.સી. બરંડા (ભીલોડા):**

**ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ :-**

માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અરવલ્લી જિલ્લામાં સ્વચ્છ ભારત મિશન(ગ્રામીણ) યોજના અંતર્ગત છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર કેટલા કુટુંબો માટે વ્યક્તિગત શૌચાલય બનાવવામાં આવ્યા, અને

(૨) તે માટે છેલ્લા એક વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો,

----

**મહેસાણા જિલ્લામાં ખેડૂતોને સ્માર્ટ ફોન સહાય યોજના અંતર્ગત સહાય**

15/6/1644 *31 **શ્રી કિરીટકુમાર કેશવલાલ પટેલ (કે.કે.પટેલ) (ઉંઝા):**

**કૃષિ :-**
માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં સમાર્ટ ફોન સહાય યોજના અંતર્ગત સહાય મેળવવા કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) તે પેટે કેટલી સહાય ચૂકવવામાં આવી?

----

## સુરત જિલ્લાના સામુહિક કમ્પોસ્ટ પીટના બાંધકામ

15/6/1629 *32 **શ્રી મનુભાઇ એમ. પટેલ (ઉધના):**

**ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ :-**
માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૪ની સ્થિતિએ સુરત જિલ્લામાં સામુહિક કમ્પોસ્ટ પીટના લક્ષ્યાંક મુજબ કેટલા સામુહિક કમ્પોસ્ટ પીટ બાંધકામ પૂર્ણ કરવામાં આવેલ છે, અને

(૨) તે માટે છેલ્લા એક વર્ષમાં કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

----

## કચ્છ જિલ્લામાં નવી સરકારી માધ્યમિક શાળાઓ શરૂ કરવા બાબત

15/6/1634 *33 **શ્રી અનિરૂધ્ધ ભાઇલાલ દવે (માંડવી):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**
માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રોઢ શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

તા.૩૧/૧૨/૨૦૨૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વર્ષ ૨૦૨૪-૨૫માં કચ્છ જિલ્લામાં કેટલી નવી સરકારી માધ્યમિક શાળાઓ મંજૂર કરવામાં આવી?

----

## પાટણ અને મહેસાણા જિલ્લામાં નોંધાયેલ ખેડૂત ખાતેદાર

15/6/2508 *34 **શ્રી દિનેશભાઇ આતાજી ઠાકોર (ચાણસ્મા):**

**કૃષિ :-**
માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૦૧/૨૦૨૫ની સ્થિતિએ પાટણ અને મહેસાણા જિલ્લામાં કેટલા ખેડૂત ખાતેદારો નોધાયેલ છે?

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લી એગ્રો સેન્સસ મુજબ કયા પ્રકારના કેટલા ખેડૂત ખાતેદારની વધ-ઘટ થઇ, અને

(૩) ઉક્ત છેલ્લી એગ્રી સેન્સસની સરખામણીએ ઉક્ત જિલ્લાવાર ખેડૂત ખાતેદારની ઘટ થઇ હોય તો તેના મુખ્ય કારણો શાં છે?

----

## ગીર સોમનાથ જિલ્લામાં આવેલ સુત્રાપાડા મત્સ્યબંદર વિકસાવવા બાબત

15/6/1638 *35 **શ્રી ભગાભાઇ ધાનાભાઇ બારડ (તાલાલા):**

**મત્સ્યોદ્યોગ :-**

માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૪ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લાનું સુત્રાપાડા મત્સ્યબંદર વિકસાવવાની કામગીરી કયાં તબક્કામાં છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલો ખર્ચ થયેલ છે?

----

## દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં નોંધાયેલ ખેડૂત ખાતેદાર

15/6/2500 *36 **શ્રી વિમલભાઇ કાનાભાઇ ચુડાસમા (સોમનાથ):**

**કૃષિ :-**

માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૦૧/૨૦૨૫ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં કેટલા ખેડૂત ખાતેદારો નોધાયેલ છે?

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લી એગ્રો સેન્સસ મુજબ કયા પ્રકારના કેટલા ખેડૂત ખાતેદારની વધ-ઘટ થઇ, અને

(૩) ઉક્ત છેલ્લી એગ્રી સેન્સસની સરખામણીએ ઉક્ત જિલ્લાવાર ખેડૂત ખાતેદારની ઘટ થઇ હોય તો તેના મુખ્ય કારણો શાં છે?

----

## તાપી જિલ્લામાં ડેરી ફાર્મ સ્થાપનાની સહાય યોજના

15/6/1657 *37 **શ્રી મોહનભાઈ ઢેડાભાઈ કોંકણી (વ્યારા):**

**પશુપાલન :-**

માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાપી જિલ્લામાં સ્વરોજગારીના હેતુસર પશુપાલન વ્યવસાય માટે ૧૨ દૂધાળા પશુના ડેરી ફાર્મ સ્થાપનાની સહાયની યોજના અંતર્ગત કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કુલ કેટલી રકમ સહાય પેટે ચૂકવવામાં આવી?

----

## ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ દ્વારા મેસર્સ રીલાયેબલ આર્ટ પ્રિન્ટરીને ચૂકવેલ રકમ

15/6/2489 *38 **શ્રી શૈલેષ મનુભાઇ પરમાર (દાણીલીમડા):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

ચૌદમી ગુજરાત વિધાનસભાના નવમા સત્રમાં તા.૨૮/૦૯/૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્નક્રમાંક-૪૦૨૪૯(અગ્રતા-૯૬)ના અનુસંધાને માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.

(૧) ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ દ્વારા મેસર્સ રીલાયેબલ આર્ટ પ્રિન્ટરી(અમદાવાદ) પ્રાઈવેટ લિમિટેડને રૂ.૬૬૮.૮૪ લાખ રકમની ખોટી રીતે ચૂકવણી થયેલ રકમ CAGના આખરી રીપોર્ટના આધારે વર્ષ-૨૦૧૪થી પરત લેવાની થાય છે તે અન્વયે તા.૩૧/૧૨/૨૦૨૪ની સ્થિતિએ કેટલી રકમ પરત મેળવવામાં આવી,

(૨) ઉક્ત રકમ પર કેટલા ટકા લેખે વ્યાજ વસુલવાનું છે,

(૩) ઉક્ત સ્થિતિએ ખોટી રીતે ચૂકવાયેલ તે અને વ્યાજ સહિત કુલ કેટલી રકમ ઉક્ત એજન્સી પાસેથી વસુલવાની બાકી છે, અને

(૪) ઉક્ત બાકી રકમ વસુલવા ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં શા પગલાં લેવામાં આવ્યા?

----

## દાહોદ અને પંચમહાલ જિલ્લામાં આદિજાતિ કન્યાઓને સાયકલ આપવા બાબત

15/6/2477 *39 **શ્રી અમિત ચાવડા (આંકલાવ):**

**આદિજાતિ વિકાસ :-**

માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૦૧/૨૦૨૫ની સ્થિતિએ રાજયમાં ધોરણ-૯માં અભ્યાસ કરતી અનુસૂચિત જનજાતિની વિદ્યાર્થીનીઓને સાયકલ આપવા માટેની યોજના

અમલમાં છે કે કેમ?

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ યોજના અંતર્ગત દાહોદ અને પંચમહાલ જિલ્લામાં ધોરણ-૯માં અભ્યાસ કરતી અનુસૂચિત જનજાતિની કેટલી વિદ્યાર્થીનીઓને સાયકલ આપવામાં આવી છે, અને કેટલી અનુસૂચિત જનજાતિની વિદ્યાર્થીનીઓને આપવાની બાકી છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ તેની પાછળ કેટલો ખર્ચ થયો?

----

## અમદાવાદ શહેર અને જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓનું મંજૂર મહેકમ

15/6/1750 *40 **શ્રી ઇમરાન યુસુફભાઇ ખેડાવાલા (જમાલપુર-ખાડીયા):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૦૧/૨૦૨૫ની સ્થિતિએ અમદાવાદ શહેર અને જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં કેટલા શિક્ષકોનુ કેટલુ મહેકમ મંજૂર કરેલુ છે,

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા શિક્ષકોની જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ભરવા સરકારનું શું આયોજન છે?

----

## રાજયાં થયેલ કમોસમી વરસાદને કારણે અસરગ્રસ્ત જિલ્લા માટે ખાસ કૃષિ પેકેજ

15/6/2509 *41 **શ્રી અમૃતજી મોતીજી ઠાકોર (કાંકરેજ):**

**કૃષિ :-**

માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૦૧/૨૦૨૫ની સ્થિતિએ રાજયમાં ઓગસ્ટ-સપ્ટેમ્બર ૨૦૨૪ દરમિયાન પડેલ કમોસમી વરસાદના કારણે કુલ ૨૦ અસરગ્રસ્ત જિલ્લામાં ખાસ કૃષિ પેકેજ કેટલી રકમનું ક્યારે જાહેર કરવામાં આવ્યું?

(૨) ઉક્ત પેકેજ અન્વયે ઉક્ત સ્થિતિએ કેટલી રકમ અસરગ્રસ્ત ખેડૂતોને ચૂકવવામાં આવી, અને

(૩) ઉક્ત પેકેજમાંથી ઉક્ત સ્થિતિએ કેટલી રકમ ચૂકવવાની બાકી છે?

----

## રાજયમાં મનરેગા યોજના અંતર્ગત દૈનિક વેતન

15/6/1628 *42 **શ્રી અલ્પેશ ખોડાજી ઠાકોર (ગાંધીનગર (દક્ષિણ)):**

**ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ :-**

માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૪ની સ્થિતિએ મનરેગા યોજના અંતર્ગત શ્રમિકોને દૈનિક કેટલું વેતન ચૂકવવામાં આવે છે,

(૨) ઉકત વેતનમાં છેલ્લા બે નાણાકીય વર્ષમાં વર્ષવાર કેટલો વધારો કરવામાં આવ્યો,

(૩) ઉક્ત સ્થિતિએ મળવાપાત્ર વધારો લાગુ કરવામાં આવેલ છે કે કેમ, અને

(૪) જો ના, તો તેના કારણો શું છે?

----

## ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ દ્વારા દંડનીય વ્યાજ માફીની યોજના

15/6/1694 *43 **શ્રી જયસુખભાઇ વલ્લભભાઇ કાકડિયા (ધારી):**

**ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ :-**

માનનીય ગ્રામ ગૃહ નિર્માણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૪ની સ્થિતિએ ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ દ્વારા દંડનીય વ્યાજ માફીની યોજના અમલમાં છે કે કેમ,

(૨) જો હા, તો વર્ષ ૨૦૨૩-૨૪ માં કુલ કેટલી સહાય આપવામાં આવી?

----

## ભરૂચ જિલ્લામાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના હેઠળ જળસંગ્રહ

15/6/1627 *44 **શ્રી ડી.કે.સ્વામી (જંબુસર):**

**ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ :-**

માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના (ડબલ્યુડીસી ૨.૦) અંતર્ગત જળસંગ્રહ માટે કેવા પ્રકારના કામો હાથ ધરવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ જળસંગ્રહના કુલ કેટલા કામો કરવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ તેની પાછળ કેટલો ખર્ચ થયેલ છે?

----

## વલસાડ જિલ્લામાં શાકભાજી પાકોના વાવેતર માટે ટ્રેલીઝ મંડપ સહાય

15/6/1647 *45 **શ્રી અરવિંદ છોટુભાઇ પટેલ (ધરમપુર):**

**કૃષિ :-**

માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૪ની સ્થિતિએ શાકભાજી પાકોના વાવેતર માટે ટ્રેલીઝ મંડપમાં રાજય સરકાર દ્વારા સહાય આપવામાં આવે છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત યોજના અંતર્ગત ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી?

----

## રાજકોટ જિલ્લામાં કૃત્રિમ બીજદાન અન્વયે પશુપાલકોને પ્રોત્સાહન

15/6/1654 *46 **શ્રી ભગવાનજીભાઇ લાખાભાઇ કરગટીયા (માંગરોળ):**

**પશુપાલન :-**

માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમિયાન રાજકોટ જિલ્લાનીં ગાય-ભેંસમાં સેક્સ સોર્ટેડ સીમેન ડોઝ દ્વારા કુલ કેટલું કૃત્રિમ બીજદાન કરવામાં આવ્યું,

(૨) આ ટેકનોલોજી દ્વારા કૃત્રિમ બીજદાન કરવાથી માદા અને નર પશુના જન્મનો રેશિયો કેટલો રહે છે, અને

(૩) આ ટેકનોલોજી પશુપાલકો અપનાવે તે માટે સરકાર તરફથી કોઈ સહાય ઉપલબ્ધ છે કે કેમ?

----

## રાજયની એગ્રીકલ્ચર યુનિવર્સિટીઓમાં લોકપાલની નિમણૂક

15/6/2505 *47 **ડૉ. કીરીટકુમાર ચીમનલાલ પટેલ (પાટણ):**

**કૃષિ :-**

માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૦૧/૨૦૨૫ની સ્થિતિએ રાજ્યમાં આવેલ કઈ એગ્રીકલ્ચર યુનિવર્સિટીઓમાં લોકપાલની નિમણૂંક થયેલ છે અને કઈ યુનિવર્સિટીઓમાં બાકી છે,

(૨) ઉક્ત સ્થિતિએ લોકપાલની નિમણૂંક ન થતાં રાજ્યની કઈ યુનિવર્સિટીને યુજીસી દ્વારા ડિફોલ્ટર જાહેર કરવામાં આવી, અને

(૩) ઉક્ત બાકી યુનિવર્સિટીઓમાં ક્યા સુધીમાં લોકપાલની નિમણૂંક કરવામાં આવશે?

----

## જામનગર અને દેવભૂમિ દ્વારકા જીલ્લામાં જર્જરિત અને ઓરડા વગરની પ્રાથમિક શાળાઓ

15/6/2470 *48 **શ્રી હેમંતભાઇ હરદાસભાઇ આહિર (જામજોધપુર):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૦૧/૨૦૨૫ ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જીલ્લામાં તાલુકાવાર જર્જરિત અને ઓરડા વગરની પ્રાથમિક શાળાઓ કેટલી છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત શાળામાં ભણતા વિદ્યાર્થીઓ માટે શી વૈકલ્પિક વ્યવસ્થાઓ કરવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત શાળાઓમાં ઓરડાઓ ન બનવાના કારણો શા છે?

----

## રાજકોટ અને મોરબી જિલ્લામાં નોંધાયેલ ખેડૂત ખાતેદાર

15/6/2513 *49 **શ્રી જિગ્નેશ મેવાણી (વડગામ):**

**કૃષિ :-**

માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૦૧/૨૦૨૫ની સ્થિતિએ રાજકોટ અને મોરબી જિલ્લામાં કેટલા ખેડૂત ખાતેદારો નોધાયેલ છે?

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લી એગ્રો સેન્સસ મુજબ કયા પ્રકારના કેટલા ખેડૂત ખાતેદારની વધ-ઘટ થઇ, અને

(૩) ઉક્ત છેલ્લી એગ્રી સેન્સસની સરખામણીએ ઉક્ત જિલ્લાવાર ખેડૂત ખાતેદારની ઘટ થઇ હોય તો તેના મુખ્ય કારણો શાં છે?

----

## છોટાઉદેપુર જિલ્લા મથકે કલ્ચર કમ કોમ્યુનીટી હોલ તથા હાટ બજાર બનાવવા બાબત

15/6/2464 *50 **શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર):**

**આદિજાતિ વિકાસ :-**
માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૪ ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લા મથકે કલ્ચર કમ કોમ્યુનીટી હોલ તથા હાટ બજાર બનાવવા માટે સરકારે મંજુરી ક્યારે આપી,

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ આ કામગીરી કયા તબક્કામાં છે ?

----

## કચ્છ જીલ્લામાં ખેડૂતો માટે તાર ફેન્સીંગ યોજના

15/6/1795 *51 **શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા (અબડાસા):**

**કૃષિ :-**
માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જીલ્લામાં તાલુકાવાર કેટલા ખેડૂતોની તાર ફેન્સીંગ કરવા માટે અરજીઓ આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી,અને

(૩) ઉક્ત સ્થિતિએ કુલ કેટલી સહાય ચુકવવામાં આવી ?

----

## સાબરકાંઠા જિલ્લામાં શાકભાજી પાકોના વાવેતર માટે ટ્રેલીઝ મંડપ માટેની સહાય

15/6/1646 *52 **શ્રી વિનેન્દ્રસિંહ દિલીપસિંહ ઝાલા (હિંમતનગર):**

**કૃષિ :-**
માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૪ની સ્થિતિએ શાકભાજી પાકોના વાવેતર માટે ટ્રેલીઝ મંડપમાં રાજય સરકાર દ્વારા સહાય આપવામાં આવે છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત યોજના અંતર્ગત ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી?

----

## નવસારી જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા સહાય

15/6/1640 *53 **શ્રી રાકેશ ગુણવંતભાઇ દેસાઇ (નવસારી ):**

**કૃષિ :-**

માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમાની સહાય મેળવવા કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) તે માટે કેટલી સહાય ચૂકવવામાં આવી?

----

## સુરત અને વલસાડ જિલ્લામાં નોંધાયેલ ખેડૂત ખાતેદાર

15/6/2511 *54 **શ્રી કાન્તીભાઇ કાળાભાઇ ખરાડી (દાંતા):**

**કૃષિ :-**

માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૦૧/૨૦૨૫ની સ્થિતિએ સુરત અને વલસાડ જિલ્લામાં કેટલા ખેડૂત ખાતેદારો નોધાયેલ છે?

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લી એગ્રો સેન્સસ મુજબ કયા પ્રકારના કેટલા ખેડૂત ખાતેદારની વધ-ઘટ થઇ, અને

(૩) ઉક્ત છેલ્લી એગ્રી સેન્સસની સરખામણીએ ઉક્ત જિલ્લાવાર ખેડૂત ખાતેદારની ઘટ થઇ હોય તો તેના મુખ્ય કારણો શાં છે?

----

## અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં ખાનગી કોલ્ડ સ્ટોરેજની સહાય બાબત

15/6/1658 *55 **શ્રી ધવલસિંહ નરેન્દ્રસિંહ ઝાલા (બાયડ):**

**કૃષિ :-**

માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૪ની સ્થિતિએ છેલ્લા ૨(બે) વર્ષમાં અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં ખાનગી કોલ્ડ સ્ટોરેજની સહાય હેઠળ બાગાયતી પાકોના સંગ્રહ માટે કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લામાં કેટલા ખાનગી કોલ્ડ સ્ટોરેજ આવેલા છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લાભાર્થીઓને કેટલી સહાય

ચુકવવામાં આવી? અને કેટલી સહાય ચુકવવાની બાકી છે?

----

## મહિસાગર અને પંચમહાલ જિલ્લામાં આવેલ માધ્યમિક શાળાઓ

15/6/2492 *56 **શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રોઢ શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૦૧/૨૦૨૫ની સ્થિતિએ મહિસાગર અને પંચમહાલ શહેર/ જિલ્લાવાર કેટલી સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી માધ્યમિક શાળાઓ આવેલી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત શહેર/જિલ્લાવાર કેટલી સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી નવી માધ્યમિક શાળાઓને મંજૂરી આપવામાં આવી?

----

## પોરબંદરના નવી બંદર ખાતે નવા ફીશરીઝ ટર્મીનલ બાંધવા બાબત

15/6/1693 *57 **શ્રી અર્જુનભાઇ દેવાભાઇ મોઢવાડીયા (પોરબંદર):**

**મત્સ્યોદ્યોગ :-**

માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૪ની સ્થિતિએ પોરબંદરના નવી બંદર ખાતે નવા ફીશરીઝ ટર્મીનલ બાંધવા માટે કેટલી માંગણીઓ/રજુઆતો છેલ્લા બે વર્ષમાં મળી, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી ?

----

## રાજકોટ શહેરમાં રાઈટ ટૂ એજ્યુકેશન એક્ટ હેઠળ બાળકોને પ્રવેશ

15/6/1700 *58 **ડૉ. દર્શીતા શાહ (રાજકોટ પશ્ચિમ):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રોઢ શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૦૧/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ શહેરમાં રાઈટ ટૂ એજ્યુકેશન એકટ હેઠળ કેટલા બાળકોને પ્રવેશ આપવામાં આવ્યો, અને

(૨) ઉક્ત એક્ટનું પાલન ન કરનાર શાળાઓ સામે છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી કરવામાં આવી?

----

**નર્મદા જિલ્લામાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટ અંતર્ગત સ્માર્ટ ક્લાસ બનાવવા બાબત**

15/6/1636 *59 **ડૉ.દર્શના ચંદુભાઇ દેશમુખ (નાંદોદ):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રોઢ શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૪ની સ્થિતિએ નર્મદા જિલ્લામાં કુલ કેટલી શાળામાં કેટલા સમાર્ટ ક્લાસ વિકસાવવામાં આવેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ જ્ઞાનકુંજ પ્રોજેક્ટ અંતર્ગત કયા પ્રકારના સાધનો શાળામાં આપવામાં આવેલ છે?

----

**ખેડબ્રહ્મા, વિજયનગર અને પોશીના તાલુકાની માધ્યમિક શાળાઓમાં બિનશૈક્ષણિક સ્ટાફની ખાલી જગ્યા બાબત**

15/6/2491 *60 **ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રહ્મા):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રોઢ શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૦૧/૨૦૨૫ની સ્થિતિએ ખેડબ્રહ્મા, વિજયનગર અને પોશીના તાલુકામાં કાર્યરત સરકારી અને અનુદાનિત માધ્યમિક શાળાઓમાં ક્લાર્ક તથા વર્ગ-૪ની કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે?

----

**સમગ્ર શિક્ષા અભિયાન અંતર્ગત તાપી જિલ્લામાં કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય શરૂ કરવા બાબત**

15/6/1633 *61 **ડૉ.જયરામભાઇ ચેમાભાઇ ગામીત (નિઝર):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રોઢ શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સમગ્ર શિક્ષા અભિયાન અંતર્ગત તાપી જિલ્લાના કયા તાલુકાઓમાં તથા કુલ કેટલી કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય શરૂ કરવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ આ કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયમાં કુલ કેટલી કન્યાઓ અભ્યાસ કરે છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ આ વિદ્યાલયમાં કયા ધોરણની કન્યાઓને નિવાસી સુવિધાઓ આપવામાં આવે છે?

----

## અરવલ્લી જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજનાના લાભાર્થી

15/6/2188 *62 **શ્રી પી.સી. બરંડા (ભીલોડા):**

**આદિજાતિ વિકાસ :-**

માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૪ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજના અમલમાં છે કે કેમ,

(૨) જો હા, તો આ યોજના હેઠળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત યોજના હેઠળ આદિજાતિ ખેડૂત લાભાર્થીઓને કયા કયા બિયારણ અને ખાતર આપવામાં આવે છે?

----

## પાટણ અને જામનગર જિલ્લામાં આવેલ માધ્યમિક શાળાઓ.

15/6/2474 *63 **શ્રી દિનેશભાઇ આતાજી ઠાકોર (ચાણસ્મા):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૦૧/૨૦૨૫ની સ્થિતિએ પાટણ અને જામનગર શહેર/જિલ્લાવાર કેટલી સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી માધ્યમિક શાળાઓ આવેલી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત શહેર/જિલ્લાવાર કેટલી સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી નવી માધ્યમિક શાળાઓને મંજૂરી આપવામાં આવી?

----

## ગીર સોમનાથ અને રાજકોટ જિલ્લામાં આવેલ માધ્યમિક શાળાઓ

15/6/2483 *64 **શ્રી વિમલભાઇ કાનાભાઇ ચુડાસમા (સોમનાથ):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રોઢ શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૦૧/૨૦૨૫ની સ્થિતિએ ગીર સોમનાથ અને રાજકોટ શહેર/જિલ્લાવાર કેટલી સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી માધ્યમિક શાળાઓ આવેલી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત શહેર/જિલ્લાવાર કેટલી સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી નવી માધ્યમિક શાળાઓને મંજૂરી આપવામાં આવી?

----

## રાજયમાં આવેલ કૃષિ સંશોધન કેન્દ્રો અને કૃષિ યુનિવર્સિટીઓમાં કૃષિ વૈજ્ઞાનિકોની ખાલી જગ્યાઓ

15/6/2501 *65 **શ્રી શૈલેષ મનુભાઇ પરમાર (દાણીલીમડા):**

**કૃષિ :-**

માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૪ની સ્થિતિએ રાજયમાં કૃષિ સંશોધન કેન્દ્રો અને કૃષિ યુનિવર્સિટીઓમાં સંશોધન વૈજ્ઞાનિક કૃષિ વૈજ્ઞાનિકોની કેટલી જગ્યાઓ મંજુર થયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ભરવા માટે છેલ્લે ક્યારે શી કાર્યવાહી કરવામાં આવેલ છે?

----

## સમગ્ર શિક્ષા અભિયાન અંતર્ગત કેન્દ્ર સરકારે ફાળવેલ રકમ

15/6/2481 *66 **શ્રી અમિત ચાવડા (આંકલાવ):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રોઢ શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૦૧/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સમગ્ર શિક્ષા અભિયાન અંતર્ગત કેન્દ્ર સરકાર પાસે રાજ્ય સરકારે કેટલી રકમની માંગણી કરી,

(૨) તે પૈકી વર્ષવાર કેન્દ્ર સરકાર દ્વારા ઉક્ત અભિયાન અંતર્ગત કેટલી રકમ ફાળવવામાં આવી?

(૩) ઉક્ત સ્થિતિએ તે પૈકી વર્ષવાર કેટલી રકમનો ખર્ચ થયો અને કેટલી રકમ વણવપરાયેલ રહી, અને

(૪) ઉક્ત સ્થિતિએ ફાળવેલ રકમ વણવપરાયેલ રહી હોય તો તેના કારણો શાં છે?

----

## અમદાવાદ જિલ્લામાં સ્વચ્છ ભારત મિશન(ગ્રામીણ) યોજના અંતર્ગત વ્યક્તિગત શૌચાલય

15/6/1752 *67 **શ્રી ઇમરાન યુસુફભાઇ ખેડાવાલા (જમાલપુર-ખાડીયા):**

**ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ :-**
માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૦૧/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર સ્વચ્છ ભારત મિશન(ગ્રામીણ) યોજના અંતર્ગત વર્ષ દરમિયાન કેટલા વ્યક્તિગત શૌચાલય બનાવવામાં આવ્યા,

(૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવ્યો,

(૩) ઉક્ત સ્થિતિએ આ યોજના અમદાવાદ જિલ્લામાં ચાલુ છે કે બંધ કરવામાં આવી,

(૪) જો બંધ કરી હોય તો ક્યારથી બંધ કરવામાં આવી, અને

(૫) બંધ કરવાના કારણો શું છે?

----

## રાજયમાં પશુધન નિરીક્ષક વર્ગ-૩ની ખાલી જગ્યાઓ

15/6/2510 *68 **શ્રી અમૃતજી મોતીજી ઠાકોર (કાંકરેજ):**

**પશુપાલન :-**
માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૦૧/૨૦૨૫ની સ્થિતિએ રાજયમાં રાજ્યકક્ષાના પશુધન નિરીક્ષક વર્ગ-૩ની કેટલી જગ્યાઓ ખાલી છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત સંવર્ગની કેટલી જગ્યાઓ ભરવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત સંવર્ગની ખાલી જગ્યાઓ ક્યારે ભરવાનું આયોજન

છે?

----

## મહેસાણા અને સાબરકાંઠા જિલ્લામાં આવેલ માધ્યમિક શાળાઓ

15/6/2485 *69 **ડૉ. કીરીટકુમાર ચીમનલાલ પટેલ (પાટણ):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રોઢ શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૦૧/૨૦૨૫ની સ્થિતિએ મહેસાણા અને સાબરકાંઠા શહેર/ જિલ્લાવાર કેટલી સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી માધ્યમિક શાળાઓ આવેલી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત શહેર/જિલ્લાવાર કેટલી સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી નવી માધ્યમિક શાળાઓને મંજૂરી આપવામાં આવી?

----

## ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ માટે બજેટમાં નાણાકીય જોગવાઈ

15/6/2471 *70 **શ્રી હેમંતભાઇ હરદાસભાઇ આહિર (જામજોધપુર):**

**ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ :-**

માનનીય ગ્રામ ગૃહ નિર્માણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) પંચાયત,ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ હસ્તકના ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ માટે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ અને ૨૦૨૪-૨૫ માં વર્ષવાર કેટલી રકમની બજેટમાં જોગવાઈ કરવામાં આવેલ,

(૨) તા.૩૧/૦૧/૨૦૨૫ ની સ્થિતિએ જોગવાઈ કરવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૩) ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ વપરાઈ અને કેટલી રકમ ક્યાં કારણોસર વણવપરાયેલ રહી?

----

## છોટાઉદેપુર જિલ્લામાં હળપતિ ગૃહ નિર્માણ યોજના હેઠળ આવાસો બાબત

15/6/2465 *71 **શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર):**

**આદિજાતિ વિકાસ :-**

માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર હળપતિ ગૃહ નિર્માણ યોજના હેઠળ આવાસો માટે કેટલી અરજીઓ આવી,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી તાલુકાવાર કેટલી અરજીઓ મંજૂર થઈ, અને

(૩) મંજૂર થયેલ લાભાર્થીઓના વર્ષવાર કેટલા આવાસો બન્યા તેને પાછળ કેટલો ખર્ચ થયો અને બાકી આવાસો કેટલા સમયમાં બનાવવામાં આવશે?

----

**સાબરકાંઠા જિલ્લામાં અનુસુચિત જનજાતિની મહિલા લાભાર્થીઓને બકરાં એકમ યોજના હેઠળ લાભ**

15/6/1759 *72 **શ્રી વિનેન્દ્રસિંહ દિલીપસિંહ ઝાલા (હિંમતનગર):**

**પશુપાલન :-**
માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં અનુસુચિત જનજાતિની કેટલી મહિલા લાભાર્થીઓને બકરાં એકમ (૧૦+૧) યોજના હેઠળ લાભ આપવામાં આવ્યો, અને

(૨) તે અંતર્ગત કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી?

----

**નવસારી જિલ્લામાં પશુઓ માટે જાતિય આરોગ્ય સારવાર કેમ્પ**

15/6/1758 *73 **શ્રી રાકેશ ગુણવંતભાઇ દેસાઇ (નવસારી ):**

**પશુપાલન :-**
માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી જિલ્લામાં પશુઓ માટે કેટલા જાતિય આરોગ્ય સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું, અને

(૨) તેમાં ઉક્ત સ્થિતિએ કુલ કેટલા પશુઓને સારવાર આપવામાં આવી?

----

**બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં આવેલ માધ્યમિક શાળાઓ**

15/6/2487 *74 **શ્રી કાન્તીભાઇ કાળાભાઇ ખરાડી (દાંતા):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રોઢ શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૦૧/૨૦૨૫ની સ્થિતિએ બનાસકાંઠા અને કચ્છ શહેર/જિલ્લાવાર કેટલી સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી માધ્યમિક શાળાઓ આવેલી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત શહેર/જિલ્લાવાર કેટલી સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી નવી માધ્યમિક શાળાઓને મંજૂરી આપવામાં આવી?

----

## રાજકોટ શહેરમાં પશુઓને રસીકરણ

15/6/1701 *75 **ડૉ. દર્શીતા શાહ (રાજકોટ પશ્ચિમ):**

**પશુપાલન :-**

માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૪ની સ્થિતિએ રાજકોટ શહેરમાં છેલ્લા ૨ વર્ષમાં કેટલા પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું છે,અને

(૨) કયા પ્રકારના રોગનું રસીકરણ કરવામાં આવ્યું છે?

----

## નર્મદા જિલ્લામાં ખેડૂતોને સ્માર્ટફોન સહાય યોજના અંતર્ગત સહાય

15/6/1643 *76 **ડૉ.દર્શના ચંદુભાઇ દેશમુખ (નાંદોદ):**

**કૃષિ :-**

માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા જિલ્લામાં સ્માર્ટ ફોન સહાય યોજના અંતર્ગત સહાય મેળવવા કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) તે પેટે કેટલી સહાય ચૂકવવામાં આવી?

----

## ગુજરાત આદિજાતિ સલાહકાર સમિતિની બેઠક

15/6/2476 *77 **ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રહ્મા):**

**આદિજાતિ વિકાસ :-**

માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) ગુજરાત આદિજાતિ સલાહકાર પરિષદ (સુધારા) નિયમો-૨૦૦૨ મુજબ ગુજરાત આદિજાતિ સલાહકાર સમિતિની બેઠક સામાન્ય રીતે દર ત્રણ મહિને એકવાર મળવી જોઈએ, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા.૩૧/૦૧/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત સમિતિની બેઠકો કયારે મળેલ છે,

(૩) ઉક્ત સમિતિની બેઠક દર ત્રણ માસે મળેલ ન હોય તો તેના શાં કારણો છે, અને

(૪) ઉક્ત બેઠક સમયસર નિયમિત મળે તે માટે શાં પગલાં લેવામાં આવ્યા?

----

## અરવલ્લી જિલ્લામાં શોર્ટીંગ ગ્રેડીંગ યુનિટમાં સહાય

15/6/2213 *78 **શ્રી પી.સી. બરંડા (ભીલોડા):**

**કૃષિ :-**

માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૪ની સ્થિતિએ શાકભાજી અને ફળ પાકોના શોર્ટીંગ ગ્રેડીંગ યુનિટ માટેની યોજના માટે રાજય સરકાર દ્વારા કોઈ સહાય આપવામાં આવે છે, કે કેમ,

(૨) જો હા, તો કેટલી સહાય આપવામાં આવે છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લામાં કેટલા શોર્ટીંગ ગ્રેડીંગ યુનિટ ઉભા કરવા કેટલી રકમની સહાય કરવામાં આવી?

----

## છોટા ઉદેપુર અને વડોદરા જિલ્લામાં આવેલ માધ્યમિક શાળાઓ

15/6/2484 *79 **શ્રી શૈલેષ મનુભાઇ પરમાર (દાણીલીમડા):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રોઢ શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૦૧/૨૦૨૫ની સ્થિતિએ છોટા ઉદેપુર અને વડોદરા શહેર/ જિલ્લાવાર કેટલી સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી માધ્યમિક શાળાઓ આવેલી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત શહેર/જિલ્લાવાર કેટલી સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી નવી માધ્યમિક શાળાઓને મંજૂરી આપવામાં આવી?

----

## આણંદ અને સુરત જિલ્લામાં આવેલ માધ્યમિક શાળાઓ

15/6/2482 *80 **શ્રી અમિત ચાવડા (આંકલાવ):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રોઢ શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૦૧/૨૦૨૫ની સ્થિતિએ આણંદ અને સુરત શહેર/જિલ્લાવાર કેટલી સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી માધ્યમિક શાળાઓ આવેલી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત શહેર/જિલ્લાવાર કેટલી સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી નવી માધ્યમિક શાળાઓને મંજૂરી આપવામાં આવી?

----

## અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં આવેલ માધ્યમિક શાળાઓ

15/6/2486 *81 **શ્રી અમૃતજી મોતીજી ઠાકોર (કાંકરેજ):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રોઢ શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૦૧/૨૦૨૫ની સ્થિતિએ અમદાવાદ અને ગાંધીનગર શહેર/જિલ્લાવાર કેટલી સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી માધ્યમિક શાળાઓ આવેલી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત શહેર/જિલ્લાવાર કેટલી સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી નવી માધ્યમિક શાળાઓને મંજૂરી આપવામાં આવી?

----